*પ્રકૃતેઃ ક્રિયમાણાનિ ગુણૈઃ કર્માણિ સર્વશઃ ।*
*અહંકારવિમૂઢાત્મા કર્તાઽહમિતિ મન્યતે ॥*

*બધાં જ કાર્યો પ્રકૃતિના ગુણોથી થાય છે, પરંતુ મૂઢ ચિત્તવાળો મનુષ્ય સમજે છે કે એ કર્તા છે.*
*જ્યારે પોતાને કર્તા માનીને મનુષ્ય કાર્ય કરે છે ત્યારે એનું ફળ પણ એણે જ ભોગવવાનું રહે છે.*

જે મનુષ્ય પોતાનાં સર્વ કાર્યોને ઈશ્વરાધીન માનીને કરે છે તે સર્વે મનુષ્યના કાર્યફળમાં પણ ઈશ્વર સહભાગી રહે છે.

કૃષ્ણે કહ્યું હતું કુરુક્ષેત્રમાં, "તમારાં સર્વ કાર્યો મને અર્પણ કરો."

"પ્રશ્ન એ છે કે જો પ્રકૃતિ અનુસાર કાર્ય થાય છે તો મનુષ્ય કયા કર્મ માટે દંડિત થાય છે?" મેં પૂછ્યું હતું, સ્વયં કૃષ્ણને.

કોણ જાણે એમની પાસે પણ એનો ઉત્તર હતો કે નહીં! પરંતુ એમણે હસીને ઉત્તર આપ્યો હતો, "સખી, તું પ્રશ્ન બહુ પૂછે છે."

મારી મા પણ મને આ જ કહેતી, "તું પ્રશ્ન બહુ પૂછે છે."

હું ક્વચિત્ એને પૂછતી, "ધૃષ્ટદ્યુમ્નને જે શિક્ષા આપવામાં આવે છે એ મને આપવામાં આવશે ખરી? મને શસ્ત્રવિદ્યા અને રાજનીતિ કેમ નથી શીખવતાં?"

"તારે રાજ્ય નથી કરવાનું..." મારી મા હસી પડતી, "તારે તો રાજ્ય કરવાનું છે તારા પતિના હૃદય પર... એને સંતુષ્ટ, સુખી અને આનંદિત રાખવાની શિક્ષા તને આપવામાં આવશે."

"ધૃષ્ટદ્યુમ્નને પણ એની પત્નીને સુખી અને સંતુષ્ટ રાખવાની શિક્ષા આપવામાં આવશે?" હું પૂછતી. મારી મા અને દાસીવૃંદ મારી વાત પર હસતાં.

"પુરુષે તો કદી એવી શિક્ષા લેવાની હોય? સ્ત્રીએ જાતે જ સુખી થવાની કળા હસ્તગત કરી લેવાની."

"તો પુરુષ જાતે સુખી નથી થઈ શકતો. એને સુખ માટે બીજાની આવશ્યકતા પડે છે, ખરું?" હું વિવાદ કરતી, "એનો અર્થ એ થયો કે પુરુષ કરતાં વધુ સ્વાવલંબી સ્ત્રી છે. પુરુષ એના પર આધારિત છે. પોતાના ભોજન માટે, પોતાના સુખ માટે... પોતાના ઉત્તરાધિકારીને મેળવવા માટે... બીજી ઘણી બાબતો માટે..." મારી વાત બીજી સ્ત્રીઓ ચકિત થઈને સાંભળતી રહેતી. એમણે પહેલાં ક્યારેય આવું બધું સાંભળ્યું નહોતું. વિચાર્યું તો નહોતું જ! "એટલે પુરુષ કરતાં સ્ત્રી વધુ શક્તિશાળી થઈ, ખરું ને? સ્ત્રી પાસે વધુ કળાઓ છે, વધુ શક્તિ છે તો પછી એને બળ વગરની, અબળા શા માટે કહેવાય છે?"

માની પાસે આનો ઉત્તર નહોતો. માની પાસે શું કામ? મારા પિતામહી કે માતામહી પાસે પણ આના ઉત્તરો નહોતા જ... ક્યાંથી હોય? એમણે કદી આવું વિચાર્યું જ નહોતું. પુરુષની આસપાસ રચાયેલું એમનું વિશ્વ એમના પોતાના અસ્તિત્વને એમના સુધી આવવા જ નહોતું દેતું.

મારા પ્રશ્નો એમને વિચલિત કરી નાખતા. એક એવા વિશ્વનાં દ્વાર એમની સમક્ષ ઊઘડી જતાં જે વિશ્વ એમને માટે પ્રતિબંધિત હતું. એમનો ઉછેર જ એવી રીતે કરવામાં આવતો કે એના મનોજગતમાં, એમના ભાવવિશ્વમાં અમુક પ્રશ્નો ઉદ્ભવે જ નહીં. પરંતુ મને આ પ્રશ્નો ઉદ્ભવતા, કારણ કે મારો તો ઉછેર જ નહોતો થયો.

મનુષ્યમાત્રનો ઉત્તમ સમય એનો બાલ્યકાલ હોય છે. એને સાચી સંવેદના બાલ્યકાલમાં પ્રાપ્ત થાય છે. સરળતા, હાસ્ય અને અશ્રુ આપણી પાસે બાલ્યકાલનો પ્રસાદ છે. ક્ષમા, મિત્રતા અને કરુણા એક બાળક પાસે જ હોઈ શકે, પરંતુ હું તો જન્મથી જ યુવતી હતી. બાલિકા બનવાનું સુખ મને મળ્યું જ નહીં. એ નિર્દોષ રમતો, સખીઓ સાથે ઉન્મુક્ત હાસ્ય, એ હીંચકાઓ અને પૂતળીઓની રમતો મને મળ્યાં જ નથી.

જ્યારે મનુષ્ય પાસે બાલ્યકાલ નથી હોતો ત્યારે એની પાસે સરળતા કે સહજતા નથી હોતી. કોઈ મીઠી સ્મૃતિ નથી હોતી એની પાસે... જેમાંથી એની ભીતર એક સ્વાભાવિક સ્મિત પ્રગટી શકે. હું તો અગ્નિમાંથી જન્મેલી, સંપૂર્ણપણે વિકસિત સ્ત્રી – યુવતી હતી.

મારા પ્રશ્નો પણ અગ્નિની જેમ દઝાડતા હતા. મને અને બીજાને! મારી બુદ્ધિ ધીમે ધીમે વિકસિત થતી, જ્ઞાનને ધીમે ધીમે પચાવતી કોઈ વૃક્ષની જેમ વિસ્તરતી જતી બુદ્ધિ નહોતી. અગ્નિ જેવી દાહક, શસ્ત્રની ધાર જેવી ઘાતક અને તેજથી સામેની વ્યક્તિને આંજી નાખતી બુદ્ધિ હતી મારી. શબ્દો પર ભય પમાડે તેવો કાબૂ... ભાષા સાથે એક અજબ જેવી મિત્રતા... શબ્દને પાસાં બનાવીને ફેંકતાં આવડતા હતા મને! મારી સાથે વિવાદમાં ઊતરનારી વ્યક્તિને નિઃશસ્ત્ર, નિઃશબ્દ કરી નાખવાથી શત્રુ પર વિજય મેળવ્યા જેવો આનંદ થતો મને.

મારી સામે ઊભેલો પુરુષ મારા સૌંદર્યથી, મારા શબ્દથી, મારી બુદ્ધિથી અંજાઈ જાય એટલો જ સમય મને એ પુરુષ સાથે વાતચીત કરવામાં આનંદ આવતો. એ હારી જાય પછી એ પુરુષ સાથેનો સંવાદ પૂરો થતો.

ધૃષ્ટદ્યુમ્નને જે મહત્ત્વ આપવામાં આવતું એનાથી મને ઘણો અસંતોષ હતો. હું એનાથી વધુ બુદ્ધિશાળી હતી, વધુ તેજસ્વી, વધુ સુંદર અને વધુ ચતુર. તેમ છતાં, મારા પિતા નાની નાની બાબતમાં એની સલાહ પૂછતા. રાજ્ય અને વ્યવહારની બાબતોમાં એની સાથે ચર્ચા કરતા. હું કંઈ બોલવા જાઉં તો મને કહેવામાં આવતું કે, "તારે તારા શ્વશુરગૃહે જઈને તારાં મંતવ્યો આપવાનાં છે. આ તારું ઘર નથી."

"કેમ મારું ઘર નથી? હું અહીં રહું છું, અહીં જન્મી છું. મારાં સંવેદનો અહીં પાંગરે છે, તો શા માટે આ ઘર મારું નથી?"

સહુ હસતાં... મને રમૂજનું કેન્દ્ર બનાવવામાં આવતું.

"દરેક સ્ત્રી પરણીને પોતાના ઘરે જાય છે."

"તો પછી એને શ્વશુરગૃહ કે પતિગૃહ શા માટે કહેવાય છે? પત્નીગૃહ કેમ નથી કહેવાતું?" સહુ ચકિત થઈને મને જોતા રહેતા, "જો એ ઘર મારું હોય તો મને હમણાં જ મોકલી દો ત્યાં. મારે તમારા ઘરે શા માટે રહેવું પડે?" હું પૂછતી.

"તારી સાથે વિવાદ કરવો વ્યર્થ છે." પિતા કહેતા.

"શા માટે પૂછે છે આટલા પ્રશ્નો?" ધૃષ્ટદ્યુમ્ન ઉશ્કેરાઈ જતો, "ચૂપચાપ જીવવાનું શીખી જા. આ જ પ્રમાણે વિવાદ કર્યા કરીશ તો પતિગૃહમાં સન્માન નહીં સચવાય."

"પ્રશ્ન પૂછવાથી માનહાનિ થાય?" હું એક નવો પ્રશ્ન પૂછતી, "ગુરુજી તો કહે છે કે, પ્રશ્ન પૂછનાર જ્ઞાની બને છે. જેને જ્ઞાન મેળવવું હોય એણે પ્રશ્ન પૂછવા જોઈએ." પિતા અને ધૃષ્ટદ્યુમ્ન મને ખંડમાંથી બહાર જવાની આજ્ઞા કરતા. હું ખિન્ન મને ત્યાંથી ચાલી જતી, પણ મારા પ્રશ્નનો ઉત્તર અધૂરો રહી જતો. હું જાણતી હતી કે પ્રશ્નો પૂછવાને કારણે હું અપ્રિય થઈ રહી છું અને છતાં મારી બુદ્ધિ મને પ્રશ્ન પૂછવા વિવશ કરી નાખતી હતી.

એ સમયે હું નહોતી જાણતી કે મારો એક પ્રશ્ન હસ્તિનાપુરની રાજનીતિનું ભવિષ્ય બદલી નાખશે.

મારો એક પ્રશ્ન ભરતવર્ષના સંપૂર્ણ ઇતિહાસને રક્તરંજિત કરી નાખશે.

મારો એક પ્રશ્ન સમગ્ર કૌરવકુલના વિનાશનો સૂત્રધાર બની જશે.

મારા મનમાં અનેક પ્રશ્ન ઊઠતા. એમાં અટવાઈને હું રાજ્યગુરુ પાસે જતી. પ્રશ્ન કરતી — કર્મ વિશે, પૂર્વજન્મ વિશે... એ કહેતા, "આટલા અધિક પ્રશ્ન ન કર. સંશય શ્રદ્ધાને લુપ્ત કરી નાખે છે."

પ્રશ્ન... પ્રતિપ્રશ્ન... મારી ભીતર એવી રીતે ઉદ્‌ભવતા જેમ સમુદ્રમાં તરંગો ઉદ્‌ભવે છે.

દરેક મનુષ્યના જીવનમાં આટલા પ્રશ્નો હોય? શું પ્રત્યેક મનુષ્યની બુદ્ધિ આટલી તીવ્ર અને આટલી તીક્ષ્ણ હશે?

કહેવાય છે કે જે પ્રશ્ન કરે છે એને ઉત્તર જરૂર મળે છે, પરંતુ મારા પ્રશ્ન સદૈવ અનુત્તર જ રહ્યા. મારા પ્રશ્નોએ માત્ર મને જ નહીં, કદાચિત્ અન્યોને પણ અનુત્તર કરી દીધા.

મારી બુદ્ધિએ અનેક શત્રુઓને જન્મ આપ્યો. ક્યારેક મારા 'સ્વજન' આ શત્રુઓના દળમાં ઊભેલા જણાતા હતા, તો ક્યારેક હું સ્વયં.

હૃદયના ઊંડાણમાં ચાલતો સંઘર્ષ મને છિન્ન-વિછિન્ન કરી નાખતો. સ્વયં સાથે મિત્રતા ના હોય ત્યારે જીવન દુર્ગમ બની જાય છે. સ્વયંની શત્રુ બનીને, સ્વયંને પ્રશ્ન પૂછતી હું... સ્વયંને હરાવતી, સ્વયં જ જીવતી... સ્વયં પર જીત્યાનો સ્વયં પર અહંકાર કરતી અને સ્વયં સાથે વિવાદમાં હારી ગયાની પીડા પણ સ્વયં જ ભોગવતી!

સમય જતાં મને સમજાયું હતું કે હું એકાકી બનતી જતી હતી. સ્વયં સાથેનો મારો સંવાદ ક્યારેય શાંતિપૂર્ણ રહી શકતો નહીં. હું જ્યારે જ્યારે સ્વયં સાથે સંવાદ કરતી ત્યારે અજાણપણે અકારણ વિવાદમાં ઊતરી પડતી. એ વિવાદ અને એ સમસ્યાઓ મારી અંદર એક કટુતાને જગાડવા લાગ્યા હતા. વિવાદ કરતી વખતે મારી અંદર જાણે બે સ્ત્રીઓ સામસામે ઊભી રહી જતી. એક એવી જેને ફક્ત હરાવવા માટે વિવાદ કરવો હતો...

શબ્દોનાં અસ્ત્રશસ્ત્ર સજીને દલીલોનાં તીરકામઠાં લઈને એ એવી રીતે તૂટી પડતી જાણે સામે ઊભેલી બીજી સ્ત્રીને નષ્ટ કરવી એ જ એનો ઉદ્દેશ હોય. મારી જ અંદર એક બીજી સ્ત્રી આ અત્યાચાર સહેતી. ધીમે ધીમે તૂટતી જતી અને પછી હથિયાર નાખી દેતી. આ એ યાજ્ઞસેની હતી, જેને મારી માતા અને માતામહી અત્યંત ચાહતાં... આ એ યાજ્ઞસેની હતી, જે સહુની અપેક્ષા પૂરી કરતી. દ્રુપદકુળનાં સંસ્કાર અને ગરિમા લઈને જે જીવી રહી હતી... આ એ યાજ્ઞસેની હતી, જે સહનશીલ અને સંવેદનશીલ હતી... આ એ યાજ્ઞસેની હતી, જેના ઉપર માતા અને પિતાને ગર્વ હતો.

મારા પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર મેળવવા હું સ્વયં સાથે યુદ્ધ કરતી. વિજય-પરાજયના અજ્ઞાત વિશ્વમાં ડૂબતાં-તરતાં હું સ્વયં સાથે સમાધાન કરતાં શીખી રહી હતી, પરંતુ મારું સ્ત્રીત્વ અને મારું સ્વત્વ મને એ સમાધાન સુધી પહોંચવા જ નહોતું દેતું.

પરંતુ આ યાજ્ઞસેનીને હરાવવામાં... મારી અંદરની બીજી સ્ત્રીને ખૂબ આનંદ આવતો. એ નમ્ર, સહનશીલ, ત્યાગ અને બલિદાનમાં શ્રદ્ધા રાખનારી, મારા સમયની અન્ય સ્ત્રીઓ જેવી યાજ્ઞસેની મને સહેજેય નહોતી ગમતી.

મારી અંદરની એ નમ્ર નારીને પીડા આપીને, હરાવીને હું એમ માનતી કે હું મારા સમયની બધીયે સ્ત્રીઓને હરાવું છું. એમની માન્યતાઓ પર, એમની શ્રદ્ધા અને ત્યાગના અર્થહીન લાગતા વિચારો પર ઘાત કરીને હું કશું મેળવી રહી છું એમ લાગતું મને.

હું સ્વયં જ મારી શત્રુ બની જતી. સ્વયં મને પીડા આપતી. હું સ્વયં જ મારાં અશ્રુ જોઈને અનોખી તૃપ્તિનો અનુભવ કરતી!

મને એ જ્ઞાત હતું કે હું અન્યોથી ભિન્ન છું, પરંતુ આ ભિન્નતા શું છે એનું જ્ઞાન નહોતું મને.

મારી ભીતર વલોવાતું આ પ્રશ્નોપનેષદ જ મારી ભિન્નતા હતું.

મારી આસપાસ કેટલીયે યુવતીઓ હતી, જે ક્યારેય પ્રશ્નો નહોતી કરતી અને તેથી જ આનંદિત હતી, કારણ કે એ હૃદયથી જીવતી હતી. હું ફક્ત બુદ્ધિથી વિચારી શકતી હતી. બુદ્ધિથી જ જીવિત હતી અને બુદ્ધિ દ્વારા જ અન્યોને સમજવાનો પ્રયાસ કરતી.

આ જ બુદ્ધિથી હું સ્વયંને છેદતી રહી. મારી માન્યતા હતી કે હું મારી તીવ્ર અને તીક્ષ્ણ બુદ્ધિ પાસે મારું ધાર્યું કરાવું છું, પરંતુ મારી બુદ્ધિ ક્યારે મારા મન કરતાં પણ મોટી થઈને મારા ઉપર રાજ્ય કરવા લાગી એની મને પણ જાણ ન રહી.

આ જ બુદ્ધિ મને સરળતાથી, સ્વાભાવિકતાથી, સાદગીથી દૂર કરતી ગઈ. મનુષ્યમાત્રને જો સરળતાની નિકટ રહેવું હોય તો હૃદયથી જીવવું જોઈએ. બુદ્ધિ સંવેદનાને ક્ષુબ્ધ કરી નાખે છે અને ઊર્મિને સ્થગિત. શબ્દ મુખમાંથી બહાર નીકળતાં પહેલાં સ્વયં જ વિચારતા શીખી જાય છે. પ્રશ્ન શસ્ત્ર બની જાય છે. બુદ્ધિ પ્રશ્નનું શરસંધાન કરે છે અને વીંધી નાખતાં બાણ છોડે છે...

*સદૃશં ચેષ્ટતે સ્વસ્યાઃ પ્રકૃતેર્જ્ઞાનવાનપિ ।*
*પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ નિગ્રહઃ કિં કરિષ્યતિ ॥*

*જ્ઞાની પોતાની પ્રકૃતિ અનુસાર કામ કરે છે, અજ્ઞાની પોતાની પ્રકૃતિ અનુસાર. બધાં પ્રાણી પોતાની પ્રકૃતિ અનુસાર કામ કરે છે. એમ કહીને સખા કહે છે, "તમે પ્રકૃતિની વિરુદ્ધ શું કરી શકશો?*

આ પ્રકૃતિ એટલે સ્વયં ઈશ્વર? કે પછી, પ્રકૃતિ એટલે ઈશ્વરે સર્જેલું એક અજબ રહસ્યચક્ર? જન્મ પહેલાં અને મૃત્યુ પછીના એક અજાણ પ્રદેશની અણસમજ...

પ્રકૃતિ પાસે કેટલાંય રહસ્યો છે. આવનારી કાલનું રહસ્ય, વીતેલી ગઈ કાલનું રહસ્ય. આપણે મનુષ્ય તો અહીં આ જ ક્ષણને વિચારી શકીએ છીએ. એના અનુસાર કાર્ય કરીએ છીએ. એના જ અનુસાર ક્રિયા અને પ્રતિક્રિયા કરીએ છીએ. પરંતુ પરિણામ તો ક્યાંક દૂર ઊભું આપણી પ્રતીક્ષા કરે છે.

ભવિષ્યના ગર્ભમાં મનુષ્ય માટે એક એવી ક્ષણ આકાર લે છે, જેને કર્મનું ફળ કહેવાય છે.

આ અને આવી કેટલીયે વાતો મને સમજાવવામાં આવતી. મારી કુતૂહલવૃત્તિને કાબૂમાં રાખવાનું મને વારંવાર કહેવાતું, પરંતુ પ્રશ્ન પૂછ્યા વગર તો ઉત્તર કેમ મળે અને ઉત્તર મળ્યા વિના સમાધાન કેમ થાય? સમાધાન ન થાય તો જ્ઞાન કેમ મળે? જ્ઞાન વિના કરેલું તમામ કાર્ય નિષ્ફળ છે, નિરુદ્દેશ છે...

હું આવો વિવાદ કરું ત્યારે સખા મને સમજાવવાનો પ્રયાસ કરે.

*અજ્ઞશ્ચાશ્રદ્દધાનશ્ચ સંશયાત્મા વિનશ્યતિ ।*
*નાયં લોકોઽસ્તિ ન પરો ન સુખં સંશયાત્મનઃ ॥*

*અજ્ઞાની તથા શ્રદ્ધા વિનાનો સંશયગ્રસ્ત રહી નાશ પામે છે.*
*સંશયગ્રસ્ત રહેલાને આ લોક નથી, પરલોક નથી અને સુખ નથી.*

સુખ નહોતું... મારા ભાગ્યમાં!

પ્રશ્ન પૂછ્યા વિના સમજવું મારી પ્રકૃતિ નથી. સ્વીકારી લેવું મારા સ્વભાવમાં નથી.

એ સ્વીકાર કહેવાનું કહેતા, કારણ કે સખા માટે તો પરમ સ્વીકાર એ જ એમનો ધર્મ છે. 'ન'કાર એમની પ્રકૃતિમાં જ નથી. પરંતુ હું તો અગ્નિમાંથી જન્મી છું. સતત પ્રજ્વલિત રહું છું. મોં ફાડીને સમિધ માગતી રહું છું.

ઉત્તરનું સમિધ.

મારા પ્રશ્નના પ્રજ્વલિત અગ્નિમાં સતત ઉત્તરની સમિધ નાખ્યા કરવી પડે છે. માત્ર સખા જ મારા આ અગ્નિને શાંત કરી શકે છે, આજે પણ!

શ્રાવણ વદ આઠમની મેઘલી રાતે મુશળધાર વર્ષા સાથે અવતરેલા ઘનશ્યામ જલપ્રકૃતિ છે. વહેવું, શીતળતા આપતાં રહેવું અને જીવનનું નિર્માણ કરવું એ જ એમનું પરમ કર્તવ્ય છે.

ભસ્મ કરી નાખવું એ જ મારી આવડત છે, મારું કર્તવ્ય છે.

એક જલ અને એક અગ્નિ, કઈ રીતે મિત્ર હોઈ શકે? છતાંય મારા જીવનના પરમ સત્યનો દ્યોતક, મારા પરમ મિત્ર, મારા સખા, મારા અસ્તિત્વને જેમણે સતત સંકોરીને શ્વસતું રાખ્યું એવા મારા સખા જલ છે... જીવન છે!

હું અગ્નિ છું.

અગ્નિમાંથી પ્રગટેલી... અગ્નિનો અંશ... અગ્નિ જેટલી જ પ્રજ્વલિત, અગ્નિ જેટલી જ તપ્ત, અગ્નિ જેટલી જ વિશુદ્ધ, અગ્નિ જેટલી જ દાહક... ને અગ્નિ જેટલી જ પાવક!

હું પ્રગટી ત્યારે...

જન્મ નહીં, પ્રાગટ્ય હતું મારું!

મારા પ્રાગટ્યના સમયે મારું અંગ અંગ તપ્ત હતું. મારી અંદર અગ્નિ ભરીને આ પૃથ્વી પર મોકલી દેવામાં આવી હતી. એમ કહેવામાં આવ્યું હતું કે હું જેને પણ સ્પર્શ કરીશ, એ સર્વ મારા ભીતરની આગથી ભસ્મ થઈ જશે.

જ્યારે હું યજ્ઞકુંડમાંથી પ્રગટ થઈ રહી હતી ત્યારે પુષ્પો નહોતાં વરસ્યાં આકાશમાંથી. દસેય દિશાઓ ત્રાહિમામ્ પોકારી રહી હતી. સૂર્યનારાયણ પ્રખર તેજથી પૂર્ણ પ્રકાશિત થઈને જાણે અગ્નિવર્ષા કરી રહ્યા હતા. વૃક્ષ સ્થિર થઈ ગયાં હતાં. પૃથ્વીમાંથી અગ્નિ નીકળતો હોય એમ ઉષ્ણ શિખાઓ આકાશ સુધી પહોંચતી હતી. વાયુ સ્થિર થઈને અપલક દૃષ્ટિથી મને નિહાળી રહ્યો હતો. દેવગણ સ્તબ્ધ હતા. અગ્નિના આહ્વાન મંત્રો સાથે એક અતિ ભયંકર વાતાવરણનું નિર્માણ થયું હતું. યજ્ઞવેદીમાં પ્રજ્વલિત અગ્નિનો તાપ એટલો ભયાનક હતો કે ઋષિગણ શ્વાસ લેવાનું ભૂલી ગયા હતા ઘડીભર.

અસ્તિત્વ તો સ્ત્રીનું હતું, પરંતુ સર્જન કરવું મારા ભાગ્યમાં નહોતું. મારે તો વિધ્વંસ કરવાનો હતો. એ જ મારું કર્તવ્ય હતું અને એ જ મારું લક્ષ્ય.

શા માટે? શા માટે કરવાનું હતું આ બધું?

મારા સર્જન પૂર્વે કોઈએ મારો અભિપ્રાય નથી પૂછ્યો, અનુમતિ પણ નહીં! ન મને કોઈએ મારું કર્તવ્ય કે કાર્યકારણ સમજાવ્યું. મારે માટે તો એક માર્ગ નિશ્ચિત કરી દેવામાં આવ્યો. જેના પર ડગલાં માંડતાં મારે એ સૌનું રક્ત વહેવડાવવાનું હતું... જેમણે મને જન્મ આપ્યો, જે મારો જ સહોદર હતો, જેમણે ક્યારેક મારી કામના કરી, જેમણે ક્યારેક મને સન્માન આપ્યું, જેમણે મારી સાથે પ્રણય કર્યો, જે મારા જ ઉદરમાંથી જન્મ્યા... સહુ જેને મેં પ્રેમ કર્યો, તે એક પછી એક મારા અગ્નિમાં હોમાઈ જવાના હતા. મારા ભીતરનો દાવાનળ એમને ભસ્મીભૂત કરી નાખવાનો હતો. એ સર્વે મારા સ્વજન હતા. એ સર્વે મારી સાથે જોડાયેલા હતા. એમાંથી કોઈએ મારું કશુંય બગાડ્યું નહોતું, પરંતુ મારા કાર્યને, લક્ષ્યને, મારા જીવનધ્યેયને સિદ્ધ કરવા, સર્વેનું રક્ત મારી હસ્તરેખામાં લખાયેલું હતું.

હું સ્વયં સર્વનાશ થઈને જન્મી. મારાં સ્વજનોનો સર્વનાશ. મારા પિતા, મારી માતા, મારો ભાઈ... એક નહીં, બંને ભાઈઓ!

એક તો ધૃષ્ટદ્યુમ્ન અને બીજો... ભાઈ હતો કે બહેન? શિખંડી નામ હતું એનું.

અમે બંને એકબીજાંની ખૂબ નિકટ હતાં. એકબીજાંનું મૌન સમજી લેતાં. એકબીજાંની પીડા વહેંચી લેતાં. એકબીજાંનો આનંદ વહેંચ્યા વિના માણી શકતાં નહીં.

શિખંડી સતત અપમાનિત, પીડિત હતો. ઉપહાસનું કેન્દ્ર બનતો. તિરસ્કૃત અને ત્યજ્ય રહેતો... પ્રણયભગ્ન! હું હંમેશાં એમ જ માનતી રહી કે એને સંભાળવાનું ઉત્તરદાયિત્વ ફક્ત મારું છે. કદાચ એટલા માટે કે એ પણ મારી જેમ યજ્ઞકુંડમાંથી જન્મ્યો હતો. એ પણ મારી જેમ નહીં માગેલું યજ્ઞફળ હતો. એ પણ મૃત્યુનું વરદાન લઈને જન્મ્યો હતો.

પિતા દ્રુપદે મહાદેવની આરાધના કરી. પ્રસન્ન થયેલા મહાદેવે મારા પિતાને પૂછ્યું, તો પિતાએ કહ્યું કે, “હું ભીષ્મ પાસે બદલો લેવા માટે પુત્ર માગું છું.”

“તને પ્રથમ કન્યા પ્રાપ્ત થશે, પછી એ જ કન્યા પુરુષ બની જશે.”

“એવું શા માટે પ્રભુ?”

“આ અફર છે...”

પુત્રીજન્મ થયો. આખા નગરમાં દ્રુપદ સિવાય કોઈ નહોતું જાણતું કે આ પુત્ર નથી, પુત્રી છે. એનો ઉછેર પુત્રની જેમ કરવામાં આવ્યો. દશાર્ણ દેશના રાજા હિરણ્યવર્માની પુત્રીનાં લગ્ન એની સાથે કરાવવામાં આવ્યાં. સમય જતાં દશાર્ણરાજને સત્યની જાણ થઈ, ત્યારે શિખંડી ઘર છોડીને ચાલી ગઈ. કુબેરનો સેવક સ્થૂણાકર્ણ એને જંગલમાં મળ્યો અને એણે એને પુરુષત્વ આપ્યું. વચન એવું હતું કે દશાર્ણ દેશનો રાજા હિરણ્યવર્મા જ્યારે ખાતરી કરીને પાછો ચાલી જાય ત્યારે એ પુરુષત્વ પાછું સોંપી દેશે. સ્થૂણાકર્ણ નામના કુબેરના સેવકે એને પુરુષત્વ તો આપ્યું, પરંતુ કુબેરે કોપિત થઈને એને શાપ આપ્યો, “આ પાપી સ્થૂણાકર્ણનું સ્ત્રીત્વ હવે કાયમ આમ જ રહેશે. શિખંડી મરી જશે પછી જ સ્થૂણાકર્ણ પુરુષ બનશે.”

શિખંડી કાશીરાજની પુત્રી અંબાના મૃત્યુ પછી જન્મ્યો હતો. અંબા દેવવ્રત કર્ણને ચાહતી હતી, પરંતુ ભીષ્મની પ્રતિજ્ઞા એના પ્રણયમાં બાધારૂપ બની. અંબાને અપહરણ કરીને હસ્તિનાપુર લઈ આવવામાં આવી, પરંતુ ભીષ્મ એની સાથે લગ્ન કરી શકે એમ નહોતા. પોતાના ભાઈઓ માટે લવાયેલી આ સ્ત્રી સાથે લગ્ન કરવા ભીષ્મ ક્યારેય તૈયાર નહોતા. એને શૈલરાજને ત્યાં લઈ જવામાં આવી, પરંતુ શૈલરાજે એને નકારી દીધી. એ પછી પ્રણયના પ્રતિશોધમાં એટલી બધી ઉશ્કેરાઈ કે એણે ભીષ્મનું મૃત્યુ માગી લીધું.

સ્ત્રી જે વ્યક્તિને ઝંખે એ એને ન મળે તો એનો વિનાશ કરવો એ કયા પ્રકારની પ્રકૃતિ હશે? પામી ન શકાય તેને ઊર્ધ્વસ્ત કરી નાખવું એ અહંકારની કઈ કક્ષા હશે?

શિખંડીની હસ્તરેખામાં પણ મૃત્યુ લખાયું હતું.

પરંતુ, એની સામે એક જ લક્ષ્ય હતું, એક જ વ્યક્તિનું મૃત્યુ.

એનું સમગ્ર અસ્તિત્વ પ્રતિશોધની આસપાસ ઊછરતું ગયું, પણ એ પ્રતિશોધ એક જ

વ્યક્તિ પરત્વેનો હતો. સતત એને જ વિશે વિચારતો. એને જ મનન કરતો. એનાં જ સ્વપ્નાં જોતો. મનોમન એની જ સાથે સંવાદ કર્યા કરતો શિખંડી પોતાનું અસ્તિત્વ પણ ભૂલી જાય એટલી હદે ગંગાપુત્ર દેવવ્રતને પોતાના મનોજગતમાં સમાવી ચૂક્યો હતો.

આ એનો પ્રણય હતો કે પ્રતિશોધ?

કે, પછી પ્રણયમાંથી જન્મેલો પ્રતિશોધ?

અમે બંને પીડિત હતાં, અમે બંને પ્રજ્વલિત – પ્રતાડિત હતાં.

યજ્ઞફળ નહોતો મારો ભાઈ. એ તો યજ્ઞની રાખમાંથી જન્મ્યો હતો. પોતાની રાખમાંથી ઊભી થયેલી અંબા હવે શિખંડી બનીને અવતરી હતી.

ફક્ત પ્રતિશોધ માટે પુનર્જન્મ લીધો હતો એણે.

એને પોતાના પૂર્વજન્મની બધી જ વાતો યાદ હતી. પૂર્વજન્મનું નામ અંબા. એની બે બહેનો ધૃતરાષ્ટ્ર અને પાંડુની માતા હતી. જે મારી સાસુમહી થવાની હતી એવી મને કલ્પનાય નહોતી ત્યારે.

પિતામહને પહેલી વાર જોયા ત્યારે એક જ વિચાર આવ્યો હતો, “આ શ્વેત વસ્ત્રધારી, જેમની આંખમાંથી અનર્ગળ પ્રેમ વરસે છે તેવા ન્યાયપ્રિય, કર્તવ્યનિષ્ઠ અને સત્યવચની મનુષ્યને શિખંડીના હાથે મૃત્યુ પ્રાપ્ત થશે? આ વીર યોદ્ધાએ શિખંડીની સામે હારવું પડશે?”

મારા મનમાંથી પ્રાર્થના નીકળી ગઈ હતી, “હે ઈશ્વર! આ દેવ જેવા મનુષ્યનું સન્માન અખંડ રહે તેવું મૃત્યુ પ્રદાન કરજે એમને.”

કદાચ મારી પ્રાર્થના સ્વીકારાઈ ચૂકી હતી. એટલે જ પિતામહનું મૃત્યુ શિખંડીના હાથે ન થયું... જો કે શિખંડી એમના મૃત્યુનું કારણ બન્યો અને એનો પ્રતિશોધ પૂર્ણ થયો.

આપણે સૌ વિધિ-વિધાનથી અજ્ઞાત, આપણી મનોકામનાઓના એક એવા જગતમાં જીવીએ છીએ, જેમાં આપણી પાસે ફક્ત એક જ વિકલ્પ હોય છે. આગળની તરફ વધતા જવાનો... ન ભવિષ્ય પ્રતિ દૃષ્ટિ હોય છે, ન પુનઃ પાછા ફરી શકવાની સંભાવના. ફક્ત એક જ દિશા હોય છે, જે આગળની તરફ લઈ જાય છે. એ અંધકારમાં ડૂબેલું ગર્ભ જેવું રહસ્ય હોય છે.

કોઈ માતાના ઉદરમાં કારાવાસ ભોગવતા આપણે તરતા રહીએ છીએ – અવતરણની પીડાદાયક ક્ષણ સુધી.

મારે માટે ગર્ભનો કારાવાસ નહોતો. મારે માટે કોઈ અવતરણ નહોતું. નહોતી એની પીડા કે એના પછીનું રુદન. ...

કહેવાય છે મારા જન્મ સમયે આકાશવાણી થઈ હતી. મારા પિતા સહિત યજ્ઞની દીક્ષા લઈને બેઠેલા તમામ ઋષિગણ દિગ્મૂઢ થઈને સાંભળતા રહ્યા હતા એ ભયાનક ભવિષ્યવાણી.

દસેય દિશાઓમાંથી એક ભયાવહ ગૂઢ અવાજ કહી રહ્યો હતો, “આ કન્યા તમારા અપમાનનો પ્રતિશોધ લેવા માટે પ્રગટ થઈ છે. તમારી પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટે આનો

આવિર્ભાવ થયો છે. એના જ દ્વારા પૃથ્વી પર મહાયુદ્ધ થશે. ધર્મની સંસ્થાપના થશે અને એક નવા યુગનું નિર્માણ થશે.”

હું પોતે પણ આશ્ચર્યચકિત હતી. કયા અપમાનનો પ્રતિશોધ લેવાનો હતો મારે? ધર્મની સંસ્થાપના કરવા હું સબળ હતી ખરી? પરંતુ ભવિષ્યવાણી કદી વ્યર્થ નથી હોતી. મેં એ જ સમયે દૃઢ નિર્ધાર કર્યો, મારું કર્તવ્ય પૂર્ણ કરવાનો.

સાચું પૂછો તો મારા પિતાએ આ યજ્ઞ જ અપમાનના અગ્નિમાં પ્રજ્વલિત થઈને યોજ્યો હતો. છેલ્લા કેટલાય સમયથી એમના મનમાં ફક્ત એક જ વાત હતી — પ્રતિશોધ... પ્રતિશોધ... પ્રતિશોધ... એ પણ કોની સામે? એમના પરમ મિત્ર દ્રોણાચાર્ય સામે. સાચું પૂછો તો આપણને સૌથી વધુ દુઃખ એ જ પહોંચાડે છે, જે આપણી અત્યંત નિકટ હોય છે. જેની પાસેથી આપણે સુખની અપેક્ષા રાખીએ છીએ એ જ આપણને દુઃખી કરી શકે છે.

દ્રોણાચાર્ય સાથે પણ એમ જ થયું હશે. દોષ મારા પિતા દ્રુપદનો નહોતો એમ કહેવું અન્યાય ગણાશે. મારા પિતાનું અપમાન તો પછી થયું. પહેલાં એમણે દ્રોણાચાર્યનું અપમાન કર્યું. પોતાના રડતા-કકળતા પુત્ર અશ્વત્થામાને દૂધ માટે ભૂખ્યો જોઈને દ્રોણ પોતાના પરમ મિત્ર બાલસખા દ્રુપદને ત્યાં આવ્યા.

અજાચકવ્રતધારી દ્રોણાચાર્ય ક્યારેય કોઈ પાસે કશું માગતા નહીં, પરંતુ શાસ્ત્રમાં કહ્યું છે ને, “બુભુક્ષિતં કિમ ન કરોતિ પાપમ્?” ભૂખ્યો માણસ કોઈ પણ પાપ કરવા તૈયાર થઈ જાય છે.

સામાન્ય રીતે આપણને આપણું દુઃખ એટલી પીડા નથી આપતું, જેટલી પીડા આપણને સ્વજનના દુઃખથી થાય છે. પોતાના એકમાત્ર સંતાનને ભૂખે ટળવળતું જોઈને દ્રોણાચાર્ય પોતાનું વ્રત તોડવા તૈયાર થયા. દ્રુપદ પાસે એમણે ફક્ત એક ગાયની માગણી કરી.

મારા પિતાએ પોતાની આખી ગૌશાળામાંથી એક ગાય તો ન જ આપી, સાથે દ્રોણનું અપમાન કર્યું. કોણ જાણે ઈશ્વરે એમને આવી દુર્બુદ્ધિ કેમ આપી? આમ તો આપણે સૌ કહીએ છીએ કે આપણાં તમામ કર્મો ઈશ્વરને આધીન છે. સર્વ કાંઈ એની ઇચ્છા અનુસાર થાય છે. એની ઇચ્છા વિરુદ્ધ પાંદડું પણ હાલતું નથી. તો પછી ઈશ્વરની ઇચ્છા આ બે પરમ મિત્રોને પરમ શત્રુ બનાવવાની કેમ હશે?

જે થયું તે, પરંતુ અહીંથી શરૂ થયું પ્રતિશોધનું પહેલું ચરણ.

સંપત્તિ અને સત્તા મનુષ્યને અંધત્વ આપે છે. એની પાસે આંખો તો રહે છે, દૃષ્ટિ વિલુપ્ત થઈ જાય છે. બુદ્ધિથી અંધ થઈ જાય છે મનુષ્ય. જોઈ નથી શકતો આવનારા ભવિષ્યને. પોતાના દુઃસાહસના પરિણામને... જે વિનાશનું કારણ બનીને એની પ્રતીક્ષા કરતું ગીધની જેમ ભવિષ્યના ગોખમાં બેઠું હોય છે.

મારા પિતા પણ આવનારા ભવિષ્યને જોઈ શક્યા નહીં. દ્રોણને અપમાનિત કર્યા.

એ જ સમયે પ્રતિશોધની પ્રતિજ્ઞા કરી — દ્રોણે.

કદાચિત્, પૂર્વજન્મનાં કર્મ હોય છે, જે મનુષ્યને આ જન્મમાં પાપકર્મ કરવા પ્રેરિત કરે છે. આ જન્મનાં કર્મનો પડછાયો લંબાય છે આવનારા અનેક જન્મો સુધી... તમે ક્યાં જન્મ લો છો, કયા સંસ્કાર મળે છે, એથીય વધુ મહત્ત્વનું બની રહે છે તમારું પૂર્વજન્મનું કર્મ.

આત્મા વિશુદ્ધ છે, પરંતુ મનની મલિનતા જન્મજન્માંતર સુધી તમારો પીછો કરે છે અને એનું ફળ આપે છે. સખાએ ગીતામાં કહ્યું છે :

*બન્ધુરાત્માત્મનસ્તસ્ય યેનાત્મૈવાત્મના જિતઃ ।*
*અનાત્મનસ્તુ શત્રુત્વે વર્તેતાત્મૈવ શત્રુવત્ ॥*

*જેણે આત્માના બળથી મનને જીત્યું છે એ જ પોતાનો બંધુ છે.*
*જેણે આત્માના બળથી મનને જીત્યું નથી એ પોતાના જ પ્રત્યે શત્રુ થઈને વર્તે છે.*

મારા પિતા અહંકારમાં ડૂબીને પોતાના જ શત્રુ બની ગયા!

નહોતા જાણતા એ, કે ગરીબ-ભિક્ષુક દ્રોણાચાર્ય કોઈ દિવસ કુરુકુળના રાજ્યગુરુ બની જશે. રાજકુમારોને પ્રશિક્ષણ આપશે. અસ્ત્ર, શસ્ત્ર, રાજનીતિ, વેદ, ઉપનિષદ ભણાવશે અને ગુરુદક્ષિણા સ્વરૂપે માગશે દ્રુપદ દ્વારા થયેલા અપમાનનો પ્રતિશોધ.

આ પ્રતિશોધનું ચક્ર અતિ વિચિત્ર છે. હું હજી સુધી સમજી નથી શકી. શું મળે છે પ્રતિશોધ લઈને? શું સાચે જ પ્રતિશોધ લેવાથી સુખ, શાંતિ, સંતોષ, સંપત્તિ પુનઃ પ્રાપ્ત થાય છે?

શું એ ક્ષણ પાછી આવીને ઊભી રહે છે? શું ફરીથી એ ક્ષણોને જીવી શકાય છે?

પાછા ફરીને બધું બદલી શકાય છે ભૂતકાળમાં?

પ્રતિશોધ લેવાથી જે ક્ષણે અપમાન થયું હોય, પીડા થઈ હોય એ ક્ષણમાં પાછા ફરીને એ સમગ્ર ઘટનાને બદલી શકાય છે?

આવું કશુંય થતું નથી. પ્રતિશોધ લીધા પછી પણ સંતોષ મળશે એવું કોઈ વચન નથી હોતું. ક્યારેક પ્રતિશોધની ઘટના પણ ન વીસરી શકાય તેવી પીડા મૂકી જાય છે. પ્રતિશોધ પીડાને ઘટાડે છે એ માન્યતા ભૂલભરેલી છે.

પ્રતિશોધ કોણ લઈ શકે? કોના પરત્વે લઈ શકાય? સત્ય અને અસત્યનો ન્યાય કરનાર કોણ છે? માનવમન કેટલું વિચિત્ર છે. જ્યારે આપણે સાચા નથી હોતા ત્યારે સમાધાન કરવાની વૃત્તિ ધરાવીએ છીએ અને જ્યારે સામેની વ્યક્તિ ખોટી હોય ત્યારે આપણે ન્યાયની માગણી કરીએ છીએ.

પ્રતિશોધ લેવાથી ન્યાય મળે છે? પ્રતિશોધ લેવાથી થયેલા અન્યાયને ભૂલી શકાય છે?

જો નહીં તો શા માટે આ પ્રતિશોધ આટલો મહત્ત્વનો હોય છે? સત્ય તો એ છે કે પ્રતિશોધ ઘણું બધું ગુમાવવા માટે ધકેલી દે છે મનુષ્યને, એક ઊંડી ગર્તામાં... છેક ટોચ પરથી પછડાતો મનુષ્ય પ્રતિશોધની ઊંડી ખાઈમાં પડ્યા પછી જ સમજી શકે છે કે એણે શું ગુમાવ્યું છે.

સંતોષ, શાંતિ, સુખ, સંપત્તિ, કુટુંબ, પ્રેમ બધું જ નષ્ટ થઈ જાય છે. બળીને ભસ્મ થઈ જાય છે આ પ્રતિશોધની અગ્નિમાં. ધરા રક્તરંજિત થઈ જાય છે. મરણાસન્ન મનુષ્યોની ચીસો અને હૃદયદ્રાવક વિલાપથી શું ક્યારેય સુખ મળી શકે? જીવન માટે વિનંતી કરતા, કરગરતા મનુષ્યોની નિરીહ આંખોમાં કયો સંતોષ મેળવી શકાય?

જો કંઈ નથી મળતું તો પ્રતિશોધ લેવાનો શો અર્થ છે?

પરંતુ આટલી સાદી વાત મહાજ્ઞાની ઋષિ દ્રોણાચાર્યને પણ નહીં સમજાઈ હોય?

એમણે જ્યારે પોતાના શિષ્યોને પ્રતિશોધ માટે આગ્રહ કર્યો ત્યારે પાંડવ અને કૌરવ પોતપોતાની સેના લઈ પાંચાલ પર તૂટી પડ્યા.

ચાલાક અર્જુને પહેલાં કૌરવોને જવા દીધા. નગરથી એક યોજન દૂર રોકાઈને એ કૌરવોની હારના મનોરંજનને માણતો રહ્યો. કૌરવસેના પર દ્રુપદનાં બાણ અવિરત વર્ષા કરી રહ્યાં હતાં. દ્રુપદની સેના જે રીતે કૌરવોને ઘેરી વળી હતી એમાં દુર્યોધનની બધી જ વ્યૂહરચના વિફળ થઈ ચૂકી હતી. શંખભેરી, મૃદંગ અને સિંહનાદથી પાંચાલની રાજધાનીનું ભૂમિમંડળ કંપતું હતું. ધનુષ્યના ટંકાર આકાશ સુધી પહોંચી ગગનને ચીરતા શત્રુ પર બાણ વરસાવતા હતા. વીર હતા મારા પિતા... અપૂર્વ બાણાવળી.

કૌરવો હતોત્સાહ થઈ ચૂક્યા હતા.

અર્જુન એ જ ઇચ્છતો હતો. પાંચાલની સામે કૌરવોની હાર. દ્રોણની ગુરુદક્ષિણા આપવામાં દુર્યોધનની નિષ્ફળતા. શબ્દવેધી બાણની વિદ્યા એને દ્રોણ તો જ આપે તેમ હતા. ગાંડીવ પર દ્રોણના આશીર્વાદ તો જ ઊતરી શકે, જો દુર્યોધનની સેના નિષ્ફળ થઈને પાછી વળે અને અર્જુન દ્રોણનો પ્રતિશોધ પૂર્ણ કરે.

પાંચાલ રાજની પ્રજા પણ પોતાના રાજ્યકર્તાની મદદે ઊમટી પડી હતી. તમામ કૌરવો પાંચાલની પ્રજા અને રાજાના આ અપૂર્વ શૌર્યથી ભયભીત થઈને ત્યાંથી ભાગી નીકળ્યા. દ્રોણનો ક્રોધ વશમાં ન રહ્યો. આજ સુધી શીખવેલી તમામ વિદ્યા નિષ્ફળ નીવડી! દુર્યોધન, દુઃશાસન, વિકર્ણ, યુયુત્સુ, સુબાહુ, સંજય... કેટલા વીર અને મહાન યોદ્ધા હતા બધા, પરંતુ પાછા ફરી ગયા.

મારા પિતા સામે હારીને.

દ્રોણ રાજ્યગુરુ તરીકેની પદવી છોડવા તૈયાર થઈ ગયા. કૌરવને શાપ આપવા એમણે કમંડલમાંથી અંજલિ ભરી કે અર્જુનના શંખનાદે એમને અટકાવી દીધા. ગુરુની ચરણરજ ભાલ પર લગાડી અર્જુન ગાંડીવ હાથમાં લઈ બીજા હાથે રથ હાંકતો પાંચાલ તરફ પ્રસ્થાન કરી રહ્યો.

ગદા ઘુમાવતા ભીમસેન, પોતાના રથને સંભાળતો નકુલ, નાનકડી પરંતુ વીરસેનાને પ્રોત્સાહિત કરતો સહદેવ અને આજાનબાહુ અર્જુનની સાથે ધર્મરાજ યુધિષ્ઠિર આંખના પલકારામાં એક યોજન વટાવી ગયા. હાથી, ઘોડા, રથ અને પાયદળને ક્ષણભરમાં ક્ષતવિક્ષત કરી નાખ્યું એમણે.

એકસાથે સહસ્ર બાણની વર્ષા થવા લાગી. મરણાસન્ન પ્રજા અને સૈનિકોની ચીસો દ્રુપદ માટે અસહ્ય નીવડી. એ હાથ જોડીને અર્જુનની શરણમાં આવ્યા.

મારા પિતાનો અહંકાર ઓગળી ગયો હતો. ઐશ્વર્ય સમાપ્ત થયું હતું. સંપત્તિ હવે હસ્તિનાપુરના પાંડવોની હતી. સત્તા પરથી એ પદભ્રષ્ટ થયા હતા.

એમને બાંધીને દ્રોણની સમક્ષ લાવવામાં આવ્યા.

દ્રોણાચાર્યે ગર્વપૂર્વક પોતાની સમક્ષ ઝૂકેલા એમના મિત્ર અને મારા પિતાને કહ્યું, "તો કહો દ્રુપદ, મેં બળપૂર્વક તમારા દેશ અને નગરને પરાજિત કર્યાં છે. તમારું હવે પછીનું જીવન તમારા શત્રુને આધીન છે."

"શત્રુ? હું તમારો મિત્ર છું દ્રોણ, આપણે સાથે વિદ્યાભ્યાસ કર્યો છે."

"એમ? તમે તો કહ્યું હતું કે હું તમારો મિત્ર બનવા યોગ્ય નથી. યાચક છું. એક યાચક અને એક રાજા વચ્ચે મિત્રતા ન હોઈ શકે. આ તમારા જ શબ્દ હતા ને દ્રુપદ?"

"હું નતમસ્તક મારો અપરાધ સ્વીકાર કરું છું. તમારી પાસે ક્ષમાયાચના કરું છું. ફરીથી એ જ મિત્રતા પ્રસ્થાપિત કરવાની વિનંતી કરું છું."

દ્રોણ હસી પડ્યા, "મિત્રતા? તમે મારા બંદી છો. હારેલા શત્રુ. આપણી વચ્ચે મિત્રતા કઈ રીતે સંભવ છે?"

"મને મારો અપરાધ સમજાય છે. સત્તા અને સંપત્તિએ મને અંધ કરી નાખ્યો હતો. અહંકારમાં ચૂર થઈને હું તમારું અપમાન કરી બેઠો. ક્ષત્રિય મૂર્ખતા કરી શકે છે, તમે તો બ્રાહ્મણ છો, વિદ્વાન છો, જ્ઞાની છો, કૌરવો અને પાંડવોના શિક્ષક છો, હસ્તિનાપુરના કુલગુરુ છો. જો તમે શરણાર્થીને ક્ષમા નહીં કરો તો તમારું આચરણ ક્ષતિપૂર્ણ ગણાશે. તમે તમારા વિદ્યાર્થીને આવું શિક્ષણ આપશો? તમે તો રાજનીતિમાં પારંગત છો. ક્ષમા વીરસ્ય ભૂષણમ્... તમે જ તમારા વિદ્યાર્થીઓને શીખવો છો. ખરું ને દ્રોણ?"

"ઠીક છે દ્રુપદ, હવે મને અસંતોષ નથી. ભીષ્મ પિતામહે મારા જ્ઞાનનું સન્માન કર્યું છે. મારું અજાચકવ્રત સન્માનીને મને એ સર્વકાંઈ આપ્યું છે, જેના વગર મારો પુત્ર અને મારો પરિવાર દુઃખી હતો. હું તમને ક્ષમા કરું છું અને બંધનમુક્ત કરીને પુનઃ તમારું રાજ્ય તમને સોંપું છું."

"આભાર! હું ઋણી રહીશ."

"પરંતુ આ હાર તમને યાદ રહે તે માટે, પાઠ શીખવવા માટે હું ઉત્તર પાંચાલનું અહિછત્રા નગર તમારી પાસેથી લઈ લઉં છું. તમારે તમારી રાજધાની છોડવી પડશે, એ જ તમારો દંડ છે."

મારા પિતા પાંચાલની રાજધાની છોડી માકન્દી પ્રદેશના કાંપિલ્યનગરમાં રહેવા લાગ્યા. દ્રોણાચાર્યે એમને ક્ષમા તો કરી હતી, પરંતુ મારા પિતા પોતાનું અપમાન ભૂલી શક્યા નહીં.

આમ જુઓ તો આપણે સૌ કડવી વાતોને વધારે યાદ રાખીએ છીએ. આનંદના અવસર

આપણને એટલા ઝડપથી યાદ નથી આવતા, જેટલી ઝડપથી આપણને પીડાના પ્રસંગો સ્મૃતિમાં રહે છે.

દુઃખ, અપમાન, પીડાને આપણે ગળે વળગાડીએ છીએ. ગણી ગણીને પટારામાં રાખીએ છીએ. સંભાળ લઈએ છીએ એની! વારંવાર બહાર કાઢીને એને જોતા રહીએ છીએ. સ્મૃતિ તાજી કરીએ છીએ. જ્યારે ઘા ભરાવા લાગે તો ફરી ફરીને એને ખોતરીને જીવિત કરીએ છીએ. મારા પિતા પણ આ જ કરતા રહ્યા.

એ પોતાના બાલ્યકાળના સુંદર સમયને ભૂલી ગયા. મિત્રતાનું વિસ્મરણ થઈ ગયું. એ તમામ વેદો, જેમાં ક્ષમા, શાંતિ, સ્વીકાર અને સરળતાની વાત હતી એ વીસરાઈ ગયાં. યાદ રહ્યો ફક્ત પ્રતિશોધ.

દ્રોણને હરાવીને એને પોતાનાં ચરણમાં નમાવવાની ખેવના એમને રાત-દિવસ બાળવા લાગી. એ કોઈ એવા ઋષિની શોધ કરી રહ્યા હતા, જે એમને પૂર્ણ વિધિથી પુત્રકામેષ્ટિ યજ્ઞ કરાવે.

એટલા માટે નહીં કે એમને પુત્રની ઝંખના હતી, પરંતુ એમને એક પ્રતિશોધના ઉત્તરાધિકારીની પ્રતીક્ષા હતી.

આવનારી પેઢીને એ સંસ્કાર નહીં, સિંહાસન નહીં, સભ્યતા કે સંપત્તિ નહીં, પરંતુ પ્રતિશોધ આપવા માગતા હતા ઉત્તરાધિકાર સ્વરૂપે.

એ જ સમયે એમને યાજ અને ઉપયાજ મુનિની સેવાનો અવસર મળ્યો... અને શરૂ થયું પ્રતિશોધનું બીજું ચરણ.

■ ■ ■

પ્રતિશોધ સાથે મારો સંબંધ મારા જન્મ પહેલાંથી બંધાઈ ચૂક્યો છે. દ્રુપદની પુત્રી તો પછી બની, પ્રથમ તો હું પ્રતિશોધની પુત્રી છું!

મારું અસ્તિત્વ કોઈ ઉત્સવનું પ્રતીક નથી. હું સ્વયં એક વિધ્વંસ છું! પરાસ્ત, ઉધ્વર્સ્ત, નષ્ટ કરવું મારી પ્રકૃતિ છે. છતાંય મને સતી કહીને મારી પૂજા કરવામાં આવી. પરંતુ આ સતીત્વને પામવા માટે મેં શું સહ્યું છે એ કોણ જાણે છે?

સ્વયંવર યોજાયો. મત્સ્યવેધ કરનાર મને વરી શકે... પરંતુ સ્વયંવર એટલે તો સ્વયંની ઇચ્છા! મને કોઈએ પૂછ્યું નહીં ને પાંચ પતિઓમાં વહેંચાઈ ગઈ. ભારતવર્ષના પરમવીર, મહાનીતિજ્ઞ અને ધર્માચરણ કરનારા પતિઓએ મને વસ્તુ સમજીને દ્યૂતમાં દાવ પર લગાડી.

રાજ્યસભામાં મને ઘસડીને લાવવામાં આવી. મારાં વસ્ત્ર ખેંચવામાં આવ્યાં. મને વેશ્યા કહેવામાં આવી. કુરુકુળની કુળવધૂને ભર સભામાં જંઘા પર બેસવા આમંત્રિત કરાઈ. એ

વાત સાંભળીને, મારું અપમાન જોઈને લજ્જિત થવાને બદલે હસ્તિનાપુરની સભાના કહેવાતા વીર રાજનીતિજ્ઞો અને ધર્મપુરુષો હસતા રહ્યા – તો કેટલાક મસ્તક નમાવીને ચૂપ રહ્યા.

આ બધા પછી સતી કહેવામાં આવે તો પણ શું? સન્માન મળે તો પણ શું? ભારતવર્ષની મહારાજ્ઞી બનાવીને સિંહાસન પર પ્રસ્થાપિત કરે તો પણ શું?

સમય વીતી ગયા પછી મળેલો ન્યાય એનું મહત્ત્વ ગુમાવી બેસે છે.

પીડા અને પ્રતાડનામાંથી પસાર થયા પછી મળનારું સન્માન ફરી એ જ પીડાનું સ્મરણ કરાવે છે.

દુર્ભાગ્યે સુખ આપવાને બદલે મારા ભાગ્યમાં વિધાતાએ ફક્ત પીડા લખી દીધી હતી, પછી એ પોતાની હોય કે બીજાની.

બીજાને પીડા આપવી અથવા પીડા લેવી એ જ જાણે મારા અસ્તિત્વનો અર્થ બની ગયું. જે કરવા નહોતી માગતી એ જ કરતી રહી. જીવનને એક ભાર, વેદનાનો એક અંબાર સમજીને મારા નાજુક સ્કંધ પર લઈ ભટકતી રહી — સ્થળ, પ્રતિસ્થળ.

અનેક સ્ત્રીઓને મારા વિશે વાત કરીને મેં ક્યારેક દયા, ક્યારેક ઈર્ષ્યા તો ક્યારેક પીડા અનુભવતી જોઈ છે, પણ આ પીડા મેં ફક્ત સ્ત્રીમાં જોઈ છે. ભાગ્યે જ કોઈ પુરુષના અવાજમાં મારા વિશે વાત કરતી વખતે મેં સહાનુભૂતિ કે પીડાનો રણકો સાંભળ્યો છે!

મને 'સહાનુભૂતિ' શબ્દ ગમતો નથી. દયા શબ્દ મારામાં ઘૃણા જન્માવે છે. હું રોગી નથી, કે નથી હું શારીરિક રીતે અપંગ — શા માટે કોઈ મારા માટે દયાભાવ અનુભવે? મને કરુણા નથી જોઈતી, ન્યાય જોઈએ છે, મારો અધિકાર જોઈએ છે મને.

"અધિકાર કે ન્યાય માગવા માટે ઝઝૂમવું કેમ પડે?" આ પ્રશ્ન પૂછ્યો હતો મેં... મારા સખાને. મેં કહ્યું હતું એમને, "હાથ લંબાવીને કે પાલવ ફેલાવીને કશું નહીં માગું હું. મને એટલું જ જોઈએ છે, જે મેળવવા માટે હું પાત્ર છું. જેને માટે મારો જન્મ થયો છે. જે મેળવ્યા વિના મારું મૃત્યુ સંભવ નથી."

આ સત્ય છે. મારા અધિકાર પામ્યા વિના હું મૃત્યુ નહીં પામું — શ્રદ્ધા હતી મને. મારા માટે સ્વયં યમરાજ પણ પ્રતીક્ષા કરશે — જાણ હતી મને.

મૃત્યુ શબ્દ સાથે જીવમાત્રનો સંબંધ અતૂટ છે. જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે.

*જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુર્ધ્રુવં જન્મ મૃતસ્ય ચ ।*
*તસ્માદપરિહાર્યેઽર્થે ન ત્વં શોચિતુમર્હસિ ॥*

*સખાએ કહ્યું હતું, "જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને મરેલાનો જન્મ નક્કી છે...*
*એ ટાળવું અશક્ય છે. માટે એનો શોક કરવો યોગ્ય નથી.*

પરંતુ ગીતા કહેવાય તે પહેલાં જ મને આ વાત સમજાઈ ગઈ હતી. હું સર્વનાશનું નિમિત્ત હતી. મેં મારા મનને આશ્વાસિત કરવા માંડ્યું હતું, એમ વિચારીને કે હું કશુંયે કરતી નથી ને જે થશે, તે માટે મારું કોઈ ઉત્તરદાયિત્વ નહીં હોય.

આપણને સહુને પીડાના ઉત્તરદાયિત્વમાંથી બહાર નીકળી જવું હોય છે. સુખનો અધિકાર જોઈએ છે સહુને, પરંતુ પીડાના પ્રશ્નની સામે ઊભા રહેવા કોઈ તૈયાર નથી! આપણે સહુ આપણાં કર્મનાં ફળ ભોગવીએ છીએ એમ શાસ્ત્રો કહે છે. કોઈ પોતાનાં કર્મનાં ફળ ભોગવ્યા વિના છટકી શકતું નથી એ પણ નિશ્ચિત છે. નિયતિએ સહુનાં લેખાંજોખાં લખી રાખ્યાં છે. ચિત્રગુપ્તના ચોપડે ક્ષણ-પ્રતિક્ષણનો હિસાબ મંડાય છે.

ને છતાંય, આપણે પીડાનું ઉત્તરદાયિત્વ નકારી દઈએ છીએ! જે કંઈ થાય છે, થઈ રહ્યું છે તે માટે આપણે જવાબદાર નથી એવું કહીને બનતા તમામ પ્રસંગોમાંથી સ્વયંને બહાર કાઢી લેવાનું આપણને અનુકૂળ પડે છે, કારણ કે આપણે આપણાં જ કર્મના ફળને ભોગવવા વિશે મનોમન ભયભીત હોઈએ છીએ. સામેની વ્યક્તિએ એના કર્મનાં ફળ ભોગવવાં જોઈએ એમ કહીને ન્યાય-અન્યાયના સિંહાસન પર સ્વયં ગોઠવાઈ જઈએ છીએ. પછી અન્યોને એમનાં કર્મફળ આપવાનું ઉત્તરદાયિત્વ જાણે આપણું હોય એમ આપણે જ નિર્ણયો લેવા લાગીએ છીએ.

એ નિર્ણયો વિશેની ચકાસણી પણ કરતા નથી, પરંતુ બીજાને કર્મફળ આપતી વખતે આપણે કર્મો સંચિત કરી રહ્યાં છીએ એવો વિચારમાત્ર આવતો નથી. અન્યોનો ન્યાય કરતી વખતે આપણાં કર્મોને વીસરી જવાનું સરળ પડે છે આપણને.

જો જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત હોય તો પણ એ મૃત્યુનું ઉત્તરદાયિત્વ આપણા ખભે શા માટે મુકાય છે? શા માટે આપણને નિમિત્ત બનાવાય છે? શા માટે એક કાર્યકારણનો સંબંધ જોડાતો રહે છે જન્મ-પ્રતિજન્મ!

મારો જન્મ તો જાણે મૃત્યુના સંદેશ તરીકે થયો હતો. અન્યો માટે મહાવિનાશની દૂત બનીને અવતરી હું! મહાઆશ્ચર્યની વાત તો એ કે મને જાણ હતી આ સત્યની! તદ્દન અસહાય બનીને મારે તો એ જ કરવાનું હતું, જે મારા માટે નિશ્ચિત થઈ ચૂક્યું હતું.

આપણે સૌ એ જ કરીએ છીએ, જે આપણા માટે નિશ્ચિત થયું હોય છે. સદ્ભાગી છે એ જીવો, જેમને ભાવિની જાણ નથી.

આવનારી દરેક ક્ષણ એમના માટે એક કુતૂહલ, એક આશ્ચર્ય કે પછી અસહાયતાના રંગ સાથે આવે છે. હું મારા દુર્ભાગ્યનો વિરોધ કરી શકું એટલો પણ અધિકાર નહોતો મારી પાસે.

કોઈને એમ કહી દેવામાં આવે કે એણે પોતાના કોઈ અપરાધ વગર એક પછી એક દંડ ભોગવવાનો છે તો એની જે સ્થિતિ થાય તે મારી હતી.

કોઈ સ્ત્રીના પતિનું મૃત્યુ થાય એમાં એનો શો અપરાધ? પરંતુ એણે મૃત્યુ પામેલા પતિ સાથે ચિતા પર ચડીને પોતાના જીવનનો અંત આણવો પડે એવી જ રીતે મારા પતિના દુર્ભાગ્યનો દંડ મને આપવામાં આવ્યો... એક વાર નહીં, વારંવાર!

જીવતા સળગી જવું કેટલું પીડાદાયક છે એ વાત ફક્ત 'સતી' કહેવાતી સ્ત્રી જાણે છે. મને પણ સતી કહીને સન્માનવામાં આવી! અપમાનના અગ્નિને સમર્પિત કરાઈ. વેદો-પુરાણોએ મારી કથાઓ કહી. મનોરંજન બનાવીને ઘેર ઘેર મારી વાતો કરવામાં આવી.

જ્યાં સુધી બીજી વ્યક્તિ બળતી હોય ત્યાં સુધી એ મનોરંજન હોઈ શકે છે, પરંતુ જાતે સળગવું પડે ત્યારે સમજાય કે વેદનાનો અર્થ શો છે, સ્વયંના ભૂંજાતા માંસની સુગંધ મોઢામાં પાણી નથી લાવતી. સ્વયંની ચીસો સાંભળીને કોઈ ક્રૂર તૃપ્તિનો અનુભવ કે મૃગયાનો આનંદ નથી મળતો.

પહેલાં મારા શરીરને અગ્નિને સમર્પિત કરાયું, પછી મારા પુત્રો... પ્રતિવિન્દય, સુતસોમ, શ્રુતકીર્તિ, શતાનિક અને શ્રુતકર્મા.

એમને પણ સળગાવીને મારી નાખવામાં આવ્યા. શિબિરમાં ઊંઘતા હતા. બાળક હતા એ તો, પરંતુ એમને પ્રતિશોધનું માધ્યમ બનાવવામાં આવ્યા.

ત્રણ ત્રણ પેઢીથી ચાલ્યો આવતો આ પ્રતિશોધ!

પહેલાં મારા પિતા, પછી હું અને મારી પશ્ચાત્ મારા પુત્રો... પ્રતિશોધને બલિ ચડી ગયા ને છતાં પ્રતિશોધ શ્વસતો રહ્યો.

■